PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

**<u>ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર</u>**

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com**

પીજીવીસીએલ/સીજીઆરએફ/ઉપ/ક્વા–૦૧/૧૭–૧૮/ ૪૩૬૯ તા. ૦૬/૦૬/૧૭

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
પાંચાભાઈ રામજીભાઈ કણજારીયા,
C/O, નરેશભાઈ પાંચાભાઈ કણજારીયા,
ગામ: ભટ ગામ
તા. ખંભાળીયા,
જી: દેવભુમી દ્વારકા
મો: ૯૭૨૩૧ ૦૨૮૫૨

**વિષય :–ખેતઘર જોડાણ મેળવવા માટે**

**<u>સંદર્ભ:– આપની અરજી , તા. ૦૫–૦૫–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :ઉપ/ક્વા–૦૧/૧૭–૧૮ )</u>**

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૩.)

<u>નકલ રવાના :</u>

(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, જામ ખંભાળીયા
(૩) <u>નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, ખંભાળીયા</u>

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 2 [A]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)


પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com


કેસ નં. : સીજીઆરએફ : ૩૫/કવા–૦૧/૧૭–૧૮ કમિટી મીટીંગ: તા. ૩૧–૦૫–૧૭ સ્થળ : જામનગર

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: કણજારીયા પાંચાભાઈ રામજીભાઈ, ગામ: જામનગર**

**રજુઆત કરનાર: અરજદારશ્રી ના પ્રતિનીધી તરીકે તેમના પુત્ર નરેશભાઈ પાંચાભાઈ કણજારીયા હાજર રહેલ હતા.**

**વિ રુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી,ખંભાળીયા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, જામ ખંભાળીયા)**

**રજુઆત કરનાર :એ.એ.છત્રોલા (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી, જામ ખંભાળીયા)**

---

## : હુકમ :

**ફરીયાદ : ખેતઘર જોડાણ મેળવવા માટે**

**મુદ્દા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદ્દાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના– ખેતીવાડી હેતુ ની સર્વે નંબર : ૩૩ વાળી જમીન – કે જેમા, એક ખેતીવાડી હેતુ નુ, વીજજોડાણ નં.:૩૩૦૦૯/૦૦૬૦૪/૭ હૈયાત છે. તે જોડાણ સર્વે નંબર : ૩૩ વાળા ખેતર મા જ, તેઓએ બનાવેલ રહેણાંક નુ ઘર, જે જોડાણ ના સ્થળ થી માત્ર ૧૨૦ ફુટ જ દુર છે. તે મકાન મા, સીગલ ફેઇઝ ઘરવપરાશ વીજજોડાણ મેળવવા માટે ની તેઓની અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ ની સબંધક કચેરી તરફથી, હૈયાત ખેતીવાડી વીજજોડાણ ના પોઈન્ટ ઓફ સપ્લાય થી – માત્ર ૧૨૦ ફુટ જ દુર છે. જેથી, આ પોઈન્ટ ઓફ સપ્લાય થી રૂ.૩૫૦૦/– ફીકસચાર્જ, જે જીઈઆરસી ના નિયમ મુજબ વસુલ કરીને, જોડાણ મંજુરી નુ ભાવપત્રક આપવાની પીજીવીસીએલ ની હૈયાત જોગવાઈ ને બદલે, '' જે ખેતર મા, થ્રી ફેઇઝ ખેતીવાડી વીજજોડાણ હૈયાત ન હોય, અને આવા ખેતર મા બનેલ રહેણાંક ના મકાન મા સીગલ ફેઇઝ ઘરવપરાશ વીજજોડાણ આપવાની, જીઈઆરસી ના તાજેતર ના નિયમ અંતર્ગત ની અન્ય જોગવાઈ હેઠળ, રૂ.૭૨,૬૯૮/– નુ, ૧૦૦% ખર્ચ ની રકમ ની વસુલાત મુજબ નુ, ભાવપત્રક નંબર: ૧૪૮૧ તા.૨૯–૦૪–૧૭ થી, પીજીવીસીએલ દ્વારા તેઓ શ્રી ને અપાયેલ છે. આ બાબત, '' હૈયાત થ્રી ફેઇઝ ખેતીવાડી વીજજોડાણ વાળા કેઈસ મા નિયમાધીન ન હોય '', તેઓના કેઈસ મા, '' હૈયાત ખેતીવાડી વીજજોડાણ હોય, તેવા કેઈસ ને આનુષાંગીક રહીને '' સદર સીગલ ફેઇઝ ઘરવપરાશ વીજજોડાણ, જે રૂ.૩૫૦૦/– ફીકસચાર્જ વસુલ કરીને આપવાની બાબત નિયમાધીન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |
| ૧.૨ | વિશેષ મા, ફરીયાદી અરજદાર શ્રી જણાવે છે કે, તેઓશ્રી એ બનાવેલ ખેતઘર, જે ખેતીવાડી ની જમીન સર્વે નંબર : ૩૩ મા જ છે. અને બે રૂમ ઓસરી વાળુ આ મકાન છે. તેમા તેઓ શ્રી એ ૦.૫ કીવો ( માત્ર ૫૦૦ વોટ ) ના વપરાશી વીજભાર માટે ની, સીગલ ફેઇઝ ઘરવપરાશ વીજજોડાણ મેળવવા માટે ની, પીજીવીસીએલ મા અરજી આપેલ છે. આ ખેતઘર વાળા સર્વે નંબર : ૩૩ મા જ, તેઓ શ્રી નુ હૈયાત ખેતીવાડી થ્રી ફેઇઝ ખેતીવાડી વીજજોડાણ નં.:૩૩૦૦૯/૦૦૬૦૪/૭ આવેલ છે. આ ખેતીવાડી વીજજોડાણ નુ મીટર , જે ઓરડીમા આવેલ છે, તે ઓરડી થી માત્ર ૧૨૦ ફુટ ના અંતરે જ, તેઓ શ્રી નુ માંગણી મુજબ નુ ખેતઘર છે. જેથી, હૈયાત થ્રી ફેઇઝ ખેતીવાડી વીજજોડાણ ના મીટર ની ઓરડી મા જ, તેઓ શ્રી ને માંગણી મુજબ નુ સીગલ ફેઇઝ મીટર લગાડી, અને વીજપુરવઠો આપવામા આવે – અને તે મીટર ની બાજુમા જ મેઈન સ્વીચ લગાડી, અને તે મેઈન સ્વીચ માથી, આઉટપુટ (લોડ) નો અંગત ખરીદીનો ૧૨૦ ફુટ નો વાયર નો ઉપયોગ કરી, અને તે મુજબ તેઓ શ્રી સદર ખેતઘર મા સીગલ ફેઇઝ ૫૦૦ વોટ નો વીજપુરવઠો વાપરવા માંગે છે. આ મુજબ નુ જોડાણ આપવા માટે પીજીવીસીએલ મા પ્રવર્તમાન સમયે, '' માત્ર ફીક્સ ચાર્જ ની રકમ '' વસુલ કરીને જોડાણ આપવાની જોગવાઈ છે. તે જોગવાઈ ને આધિન રહીને તેઓને '' અપાયેલ સવાલવાળુ – ૧૦૦% ખર્ચ ની રકમ વાળુ ભાવપત્રક રદબાતલ કરી અને – ફીકસચાર્જ ની રકમ રૂ.૩,૫૦૦/– નુ ભાવપત્રક '' આપવા બાબતે ની પુરી નિયમાધીન જોગવાઈઓ મુજબ ની શકયતાઓ છે. જેથી, આ મુજબ તેઓને ભાવપત્રક રીવાઈઝ કરવા માટે, અરજદારે ફોરમ સમક્ષ રજુઆત કરેલ છે. |

**મુદ્દા નં.–૨ :** **પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજૂઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રી કણજારીયા પાંચાભાઈ રામજીભાઈ એ, તેઓ શ્રી ના– ખેતીવાડી હેતુ ની સર્વે નંબર ૩૦ વાળી જમીન, – કે જેમા, એક ખેતીવાડી હેતુ નુ, વીજજોડાણ નં.:૩૩૦૦૯/૦૦૬૦૪/૭ હૈયાત છે, તે સર્વે નંબર : ૩૩ જોડાણ વાળા ખેતર મા જ, તેઓએ બનાવેલ રહેણાંક નુ ઘર બનાવેલ છે. અને આ ઘરમા, અરજદારે, સીગલ ફેઇઝ ઘરવપરાશ વીજજોડાણ માટે નુ, નવુ ૦.૫ કીવો (૫૦૦ વોટ) ના વીજભાર માટે નુ નવુ જોડાણ મેળવવા માટે ની, રૂ.૪૦/– નોંધણીચાર્જ ભરપાઈ કરીને, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી મા, તા.૩૦–૦૩–૧૭ ના રોજ અરજી આપેલ છે. |
| ૨.૨ | ફરીયાદી અરજદાર શ્રી ની ઉપરોકત મુદ્દા નં. ૨.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને, સ્થળ સર્વેક્ષણ કરતા, '' હાલ ના તબ્બકે, ફરીયાદી અરજદાર શ્રી ના સદર ખેતીવાડી વીજજોડાણ વાળા સ્થળ – એટલેકે હૈયાત ખેતીવાડી ગ્રુપ ને – એટલેકે હૈયાત ૧૧ કેવી શકિતનગર એજી ફીડર ને એચ.વી.ડી.એસ. હેઠળ પરીવર્તીત '' કરાયેલ હોવાની બાબત જણાયેલ છે. હાલ ના તબ્બકે, ફરીયાદી અરજદાર શ્રી ના '' હૈયાત ખેતીવાડી વીજજોડાણ નં.:૩૩૦૦૯/૦૦૬૦૪/૭ ને '' જે, હૈયાત ટ્રાન્સફોર્મર માથી વીજપુરવઠો આપવામા આવે છે, તે ટ્રાન્સફોર્મર થી, માંગણી મુજબ નુ ખેતઘર, આશરે ૬૦ મીટર ( ૧૮૦ ફુટ થી વિશેષ ) દુર છે. જેથી, '' ફરીયાદી અરજદાર શ્રી ના માંગણી મુજબ ના સદર ખેતઘર જોડાણ મા, નવુ ૦.૫ કીવો ( ૫૦૦ વોટ) નુ સીગલ ફેઇઝ ઘરવપરાશ વીજજોડાણ આપવા માટે – ડી–કેટેગરી '' હેઠળ સર્વેક્ષણ કરવામા આવેલ છે. અને '' હાલ ના તબ્બકે, આ મુજબ ના, ખેતીવાડી ની જમીન પર ઉભા કરાયેલ, ખેતઘર મા સીગલ ફેઇઝ ઘરવપરાશ વીજજોડાણ આપવા બાબતે ના, પીજીવીસીએલ મા પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબરઃ જીયુવીએનએલ/ટેક–૨/આરએનઆર/૨૭૧૯, તા.૩૦–૦૧–૧૭ મા કરાયેલ જોગવાઈ મુજબ – ખરેખર થતા ખર્ચ ની વસુલાત અન્વયે ના માર્ગદર્શન '' હેઠળ જ, વિભાગીય કચેરી તેમજ વર્તુળ કચેરી ની મંજુરી મેળવ્યા બાદ, '' અરજદાર શ્રી ને તેમની માંગણી મુજબ ના સદર ખેતઘર મા, ૦.૫ કીવો ( ૫૦૦ વોટ) નુ સીગલ ફેઇઝ ઘરવપરાશ વીજજોડાણ, જે ૧૦૦% ખર્ચ ની વસુલાત ના ધોરણે, મંજુરી અન્વયે નુ,રૂ.૭૨,૬૯૮/– નુ, ભાવપત્રક નંબરઃ ૧૪૮૧ તા.૨૯–૦૪–૧૭ '' થી અપાયેલ છે. આ બાબત પ્રવર્તમાન સમયે પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય છે. |

**મુદ્દા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ, અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | પીજીવીસીએલ મા અગાઉ, તેમજ હાલ ના તબ્બકે પણ – '' હૈયાત ખેતીવાડી વીજજોડાણ વાળા, ખેતીવાડી સર્વે નંબર ની જમીન પર, બાંધકામ થયેલ ખેતઘર મા, સીગલ ફેઇઝ ઘરવપરાશ વીજજોડાણ '' જે, '' અગાઉ ના અને હાલ ના તબ્બકે ના, માંગણી મુજબ ના વીજભાર ને આનુષાંગીક એવી, ગણતરીએ થતી ફીકસચાર્જ / સર્વિસ કનેકશન ચાર્જ ની રકમ વસુલ કરીને જ, જોડાણ આપવાની જોગવાઈ – જે અગાઉ હતી અને આજની તારીખ મા પણ અમલવારી મા છે. જેથી, ફરીયાદી અરજદાર શ્રી ની માંગણીપણ, અગાઉ ના અને હાલ ના તબ્બકે ના, પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવા આ ધોરણ ને આનુષાંગીક જ છે. એટલેકે, ફરીયાદી અરજદાર શ્રી એ, જે ખેતીવાડી ના હેતુ માટે ના સર્વે નંબર : ૩૩ મા ખેતઘર બનાવેલ છે. તે સર્વે નંબર : ૩૩ મા જ, ફરીયાદી અરજદાર શ્રી ના નામનુ એક થ્રી ફેઇઝ ખેતીવાડી વીજજોડાણ નં.:૩૩૦૦૯/૦૦૬૦૪/૭ મોજુદ / હૈયાત છે. જેથી, ફરીયાદી અરજદાર શ્રી ની સદર માંગણી મુજબ નુ, મા, ૦.૫ કીવો ( ૫૦૦ વોટ) નુ સીગલ ફેઇઝ ઘરવપરાશ વીજજોડાણ – જે હૈયાત એવા થ્રી ફેઇઝ ખેતીવાડી વીજજોડાણ નં.:૩૩૦૦૯/૦૦૬૦૪/૭ ના પોઈન્ટ ઓફ સપ્લાય ( મીટર ની ઓરડી) મા જ, નવા સીગલ ફેઇઝ ઘરવપરાશ વીજજોડાણ નુ મીટર / કનેકશન સર્વિસ લગાડી, અને તે મીટર ના લોડ ના છેડા / મેઈન સ્વીચ માથી – અરજદાર શ્રી, અંગત ખર્ચા નો લોડ નો વાયર – જે માંગણી મુજબ ના – ખેતઘર સુધી ખેંચી – અને તે મુજબ, માંગણી મુજબ ના ખેતઘર મા – અરજદાર શ્રી માંગણી મુજબ ના ૦.૫ કીવો ( ૫૦૦ વોટ) નો વીજભાર વાપરવા માટે નુ, સદર જોડાણ, જે – '' અગાઉ ના અને હાલ ના તબ્બકે ના, માંગણી મુજબ ના વીજભાર ને આનુષાંગીક એવી, ગણતરીએ થતી ફીકસચાર્જ / સર્વિસ કનેકશન ચાર્જ ની રકમ વસુલ કરીને જ, અરજદાર પાસેથી આ મુજબ ની ગણતરીએ થતા ભાવપત્રક ની રકમ વસુલ કરી, અને અરજદાર શ્રી ને આ મુજબ ની જોગવાઈ હેઠળ જોડાણ આપવાની બાબત, પીજીવીસીએલ માટે નિયમાધીન છે. જેથી, ફરીયાદી અરજદાર શ્રી ને અપાયેલ સવાલવાળુ '' ૧૦૦% ખર્ચ ની વસુલાત ના ધોરણે, અગાઉ અપાયેલ ,રૂ.૭૨,૬૯૮/– નુ, ભાવપત્રક નંબરઃ ૧૪૮૧ તા.૨૯–૦૪–૧૭ – જે આ |

| | |
|---|---|
| | મુજબ – એટલેકે માત્ર ફીક્સચાર્જ / સર્વિસ કનેક્શન ની ગણતરીએ – રીવાઇઝ કરવા યોગ્ય છે. '' સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી આ મુજબ નો નિષ્કર્ષ થયેલ છે. જેથી, પીજીવીસીએલ પક્ષકાર ને આ મુજબ, સદર ભાવપત્રક રીવાઇઝ કરી, અને અરજદાર શ્રી ને દિન–૧૫ મા, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, ફોરમ કમિટી તરફથી આદેશ આપવા સબબ નો પણ નિષ્કર્ષ થયેલ છે. |
| <u>૩.૨</u> | પીજીવીસીએલ મા હાલ ના તબ્બકે, મુળભુત નામદાર જીઈઆરસી ના પરીપત્ર નંબર : જીઈઆરસી / ટેક / ૨૦૧૪/૧૩૭૮, તા.૨૪–૦૬–૧૪ મા કરાયેલ જોગવાઈ ને આનુષાંગીક રહીને, જીયુવીએનએલ તરફથી અપાયેલ પરીપત્ર નંબર: જીયુવીએનએલ/ટેક/ જીઈઆરસી / એસસી/૧૦૬૯, તા.૨૭–૦૬–૧૪ ના અનુસંધાને, પીજીવીસીએલ ની નિગમીત કચેરી ના પરીપત્ર નંબર: પીજીવીસીએલ / રજી.સેલ/ ૬૩૭૩, તા.૦૨–૦૭–૧૪ '' જે ખેતીવાડી સર્વે નંબર મા, થ્રી ફેઇઝ ખેતીવાડી વીજજોડાણ હૈયાત ન હોય, તે સર્વે નંબર મા બનાવેલ ખેતઘર મા, નવા રહેણાંક ના બનાવેલ મકાન મા,'' નવા સીગલ ફેઇઝ ઘરવપરાશ વીજજોડાણો આપવા માટે – સદર પરીપત્રો મા – ફીક્સચાર્જ ની રકમ / ખરેખર થતા ખર્ચ ની રકમ માથી વધુ જણાયેલ રકમ વસુલ કરવાની જોગવાઈઓ કરાયેલ છે. આ જોગવાઈઓ, '' હૈયાત ખેતીવાડી વીજજોડાણ વાળા, ખેતીવાડી સર્વે નંબર ની જમીન પર, બાંધકામ થયેલ ખેતઘર મા, સીગલ ફેઇઝ ઘરવપરાશ વીજજોડાણ '' મેળવનાર અરજદારો માટે નથી. જેથી, સદર કેઈસ મા, ઉપરોક્ત મુદ્દા નં. ૩.૧ મા કરાયેલ, ફોરમ કમિટી ના નિષ્કર્ષ મુજબ ની કાર્યવાહી હાથ ધરવા ની બાબત, પીજીવીસીએલ માટે નિયમાધીન યોગ્ય અને વ્યાજબી છે. |
| <u>૩.૩</u> | તદ ઉપરાંત, પીજીવીસીએલ મા હાલ ના તબ્બકે, મુળભુત રાજ્ય સરકાર શ્રી ના પરીપત્ર નંબર : જીયુવી /૨૦૧૬ / ૩૮૮૫ / કે – ૧ , તા.૨૪–૦૧–૧૭ મા કરાયેલ જોગવાઈ ને આનુષાંગીક રહીને, પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબર: જીયુવીએનએલ/ટેક–૨/આરએનઆર/૨૭૧૯, તા.૩૦–૦૧–૧૭ મા જે માર્ગદર્શક જોગવાઈઓ કરાયેલ છે. તે જોગવાઈઓ પણ'' જે ખેતીવાડી સર્વે નંબર મા, થ્રી ફેઇઝ ખેતીવાડી વીજજોડાણ હૈયાત ન હોય, તે સર્વે નંબર મા બનાવેલ ખેતઘર મા, નવા રહેણાંક ના બનાવેલ મકાન મા – તેમજ ખેતીવાડી વિસ્તાર મા – સરકારી અથવા તો ખેતીવાડી હેતુ ની જમીન પર – અથવા તો ખેતીવાડી વિસ્તાર ની જમીન વચ્ચે બીન ખેતી કરાયેલ જમીન પર – બાંધકામ થયેલ એવા છુટા છવાયા રીતે બાંધકામ થયેલ એવા કોઈપણ હેતુ માટે ના મકાન મા, ઘર લાઈટ / વાણીજ્ય / ઔદ્યોગીક / કે અન્ય હેતુ – વગેરે પ્રકાર ના નવા સીગલ ફેઇઝ / થ્રી ફેઇઝ વીજજોડાણો આપવા માટે ની, – 100% વસુલ કરવા પાત્ર રકમ વસુલાત અન્વયે ની જોગવાઈઓ '' કરાયેલ છે. આ જોગવાઈઓ, '' હૈયાત ખેતીવાડી વીજજોડાણ વાળા, ખેતીવાડી સર્વે નંબર ની જમીન પર, બાંધકામ થયેલ ખેતઘર મા, સીગલ ફેઇઝ ઘરવપરાશ વીજજોડાણ '' મેળવનાર અરજદારો માટે ની નથી. જેથી, સદર કેઈસ મા, ઉપરોક્ત મુદ્દા નં. ૩.૧ મા કરાયેલ, ફોરમ કમિટી ના નિષ્કર્ષ મુજબ ની કાર્યવાહી હાથ ધરવા ની બાબત, પીજીવીસીએલ માટે નિયમાધીન યોગ્ય અને વ્યાજબી છે. |

<u>મુદ્દા નં.–૪ :</u> <u>હુકમ</u>

| | |
|---|---|
| <u>૪.૧</u> | ફરીયાદી અરજદાર શ્રી ને અપાયેલ, તેમના હૈયાત થ્રી ફેઇઝ ખેતીવાડી વીજજોડાણ વાળા સર્વે નંબર ની જમીન મા બાંધકામ થયેલ મકાન મા, માંગવામા આવેલ નવા સીગલ ફેઇઝ ઘરવપરાશ વીજજોડાણ નુ ભાવપત્રક, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે, રીવાઇઝ કરી, અને અરજદાર શ્રી ને દિન–૧૫ મા, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, ફોરમ કમિટી તરફથી આદેશ આપવા માટે નો પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા સબબ નો હુકમ થયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયના મળ્યા પછીના ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રણ આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાકીય બાબત સબંધિત હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં કર્યો જરૂરી છે.

D:\6 CIRCLE Q-04 13-14 CIRCLES APPLICATION\U JUDGEMENT\A JUDGEMENT FOLDER\17 MAR 17\RURAL RAJKOT.doc